**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરના મહિલા પ્રોફેસર સાયકલ રેસમાં પ્રથમ




## યુવા સ્પર્ધકોને પાછળ પાડીને જીજ્ઞાશાબેન પ્રથમ

ગાંધીનગર, તા.૧૪

હાલના દિવસોમાં ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત હેલ્થ અને ફિટનેસને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત યુવાનોથી લઈ મોટેરા દરેક વોકીંગ, સાયકલીંગ, જોગીંગ, જીમીંગ કરતા નજરે ચઢી રહ્યા છે. યુવાનો પોતાના સ્વાસ્થ્ય સાથે કોઈ પણ કોમ્પ્રોમાઈઝ ન કરતા બહેનો પણ આજે સજાગ થઈ છે ત્યારે શહેરના જીજ્ઞાસાબેન ઠુમ્મર જે સે-૧૫ સરકારી કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમણે હાલમાં જ જી થ્રી સાયકલ કલબ આયોજીત રફતાર સાયકલ રેસમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

શહેરના જીજ્ઞાશાબેન ઠુમ્મર એ જી થ્રી કલબ આયોજીત રફતાર સાયકલ રેસમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. જીજ્ઞાશાબેન છેલ્લા ત્રણેક મહિનાથી પચ્ચીસથી ત્રીસ કિમી સાયકલ ચલાવે છે. તેમણે આ ૪૦ કિમીની રેસ ૧ કલાક અને ૪૬ મિનિટમાં પૂર્ણ કરી ચાળીસ વર્ષની ઉમર ધરાવતા જીજ્ઞાસાબેને યુવા સ્પર્ધકોને પાછળ પાડી જીત મેળવી હતી. જીજ્ઞાસાબેન છેલ્લા ૧૯ વર્ષથી એજયુકેશન ફિલ્ડમાં છે અને હાલ સરકારી કોલેજ સે-૧૫માં માઈક્રોબાયોલોજીના પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેમના કહ્યા અનુસાર નિયમિત સાયકલીંગ કરવાના નિર્ણયને મેં મારી જીવનશૈલીનો ભાગ બનાવ્યો છે. જેનાથી મારી લાઈફમાં ઘણા સકારાત્મક પરિવર્તન આવ્યા છે. નિયમિત સાયકલીંગ કરવાથી આત્મવિશ્વાસ, કાર્યક્ષમતા તથા ઉંઘની ગુણવત્તા વધે છે. ઉપરાંત મગજમાંથી એન્ડોર્ફાન નામના રસાયણનો સ્ત્રાવ થવાથી નકારાત્મક વિચારો, હતાશા, ભય અને અસલામતીની લાગણીઓ દૂર થાય છે અને માનસિક ક્ષમતા વધે છે. સાયકલીંગ એક શ્રેષ્ઠ કસરત હોવાથી તેનાથી શરીરની બધી જ માંસપેશીઓને લાભ મળવા સાથે બોડી એકટીવ રહે છે. મારા મતે એઈજ ઈસ જસ્ટ અ નંબર. દરેકે બહાના છોડી કોઈ પણ કસરત જરૂરથી કરવી જોઈએ.

## આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે બેઠકો પર પ્રવેશ તક

ગાંધીનગર, તા.૧૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે પ્રવેશ ઓગસ્ટ ૨૦૧૯માં ભરવાપાત્ર થતી બેઠકો સામે જુજ વ્યવસાયોમાં બેઠકો ખાલી રહેલ છે. પ્રવેશ મેળવવા ઉત્સુક ઉમેદવારોએ સંસ્થા ખાતે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૨૪ સપ્ટેમ્બર સુધીમાં ૫૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી તથા જરૂરી પ્રમાણપત્રો સહિત ફોર્મ ભરી વધુ વિગતો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગરનો સંપર્ક કરવા સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે.




ડેન્ટલ ડૉ. પ્રતિક આચાર્યના પરિવાર દ્વારા શરદપૂનમ નિમિત્તે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સે-૧૭ સ્થિત હનુમાનજી મંદિરના મહંત સાથે મોટી સંખ્યામાં હનુમંત ભકતો હાજર રહ્યા હતા.

## સતર્કતા જાગૃતિ સંદર્ભે ચૌધરી કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૧૪

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક અને ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ સંદર્ભે 'ઈમાનદારી એક જીવનશૈલી' વિષય સાથે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૧૧૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ સે-૭ સ્થિત બરોડા ગ્રામીણ બેંકના મેનેજર પ્રદીપ સોલંકી, અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અરૂણ બુચ દ્વારા વિદ્યાર્થીનીઓને આર્શીવચન આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કોલેજના પ્રિન્સીપાલ ડૉ. એમ.એમ.ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, પ્રકૃતિબેન જોષી, પ્રા. મેનાબેન ચૌધરી અને દિશા પોપટ એ સેવા પુરી પાડી હતી. આભારવિધિ પ્રો. ફાલ્ગુની પંડયા દ્વારા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થિનીઓ માટે ગ્રૂમિંગ કોમ્પિટિશનનું આયોજન





ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની કન્સટીટ્યુઅન્ટ કોલેજમાં 'વુમન ડેવલોપમેન્ટ સેલ' (WDC)ની રચના કરવામાં આવેલ છે અને છેલ્લા ૮ વર્ષથી ખુબજ સફળતા પૂર્વક વિદ્યાર્થીનીઓ અને કર્મચારી બહેનો માટે કામ કરી રહી છે. વિદ્યાર્થીઓ માટે સામાજિક વિકાસ હેતુ આ સેલ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ગ્રૂમિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓ માટે મહેંદી, મેક અપ, હેર સ્ટાઈલ, નેઈલ આર્ટ, ઓબ્જેકટ ડેકોરેશન, જેવેલરી મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થિનીઓએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો, બી.સી.એ.ના દરેક સેમેસ્ટરની વિદ્યાર્થિનીઓએ સિંગલ કે ગ્રુપ ઈવેન્ટમાં ભાગ લઈને પોતાની કળાનું નિદર્શન કર્યું હતું. સ્પર્ધામાં કુલ ૬૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી હરિતા પંડિતે પોતાની સેવાઓ આપી હતી. તમામ સ્પર્ધાઓના અંતે વિજેતા વિદ્યાર્થિનીઓને WDC દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન WDC કો ઓર્ડિનેટર પ્રો. જૈમિની કુલકર્ણી અને પ્રો. મોનિકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં WDC ચેર પર્સન ડો. વીણાબેન પટેલ અને કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહનું સંપૂર્ણ માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો હતો.

# વયોવૃધ્ધ નાના-નાનીની વિમાનની મુસાફરી કરવાની તમન્ના દોહિત્રે પુરી કરી

## ખાનગી ડ્રાઈવરનું કામ કરતા યુવાને પોતાની બચતમાંથી નાના-નાનીને મુંબઈ દર્શન સાથે હવાઈ મુસાફરી કરાવી



ગાંધીનગર, તા.૧૪

એક તરફ સમાજમાં વૃધ્ધાશ્રમો અને તેમાં વસતાં નિરાધાર વૃધ્ધોની સંખ્યા વધતી જાય છે અને બીજી તરફ પાટનગરમાં એવો પણ યુવાન વસે છે જે પોતાની આવકની મર્યાદા હોવા છતાં કુટુંબના વડિલો તે પણ નાના-નાની જેવાની એક ઈચ્છા પુરી કરવા પોતાની બચતનો મોટો ભાગ ખર્ચી નાંખતા અચકાયો નથી. ગાંધીનગરના વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટમાં રહેતા ચિરાગ બારોટ નામના યુવાને પોતાના ૯૫ વર્ષીય નાના અને ૮૨ વર્ષીય નાનીને વિમાનની મુસાફરી કરવાની ઈચ્છા પોતાના ખિસ્સાના ખર્ચે કરાવી અનેરી ખુશી પહોંચાડી છે.

ડીસા પાસેના સોતમલા ગામના ખેતી અને પશુપાલન કરતા ખેડૂત ચમનજી બારોટ અને તેમના ધર્મપત્નિ પરભાબેનની જૈફ વયે પહોંચ્યા પછી જીવનમાં એકવાર હવાઈ મુસાફરી કરવાની ઈચ્છા પુરી થઈ ના હોવાનો વસવસો તેમને સતાવતો હતો. આ બાબત તેમના દોહિત્ર ચિરાગ સાથે એકવાર વાતવાતમાં કહેવાઈ જતા ચિરાગે મનોમન પોતાના નાના-નાનીને એરોપ્લેનમાં બેસાડવાનો નિર્ધાર કરી લીધો હતો. ચિરાગ બારોટ આમ તો ખાનગી ડ્રાઈવર તરીકેનું કામ કરે છે પરંતુ તેમાંથી મળતી આવકમાંથી પણ તેણે બચત કરી નાના-નાનીનું વિમાનમાં બેસવાનું સ્વપ્ન પુરું કરવા નાણાં એકત્ર કરવાનું ચાલુ કરી દીધું અને યોગ્ય રકમ એકત્ર થઈ જતા તેણે તાજેતરમાં તા. ૯મી સપ્ટેમ્બરથી તા. ૧૨મી સપ્ટેમ્બર દરમિયાન આ કાર્ય પાર પાડયું હતું. ચિરાગ પહેલા ટ્રેનમાં નાના-નાનીને મુંબઈ લઈ ગયો જયાં દાદરના સ્વામિનારાયણ મંદિરે રોકાઈ બે દિવસ નાના-નાનીને મુંબઈ દર્શન કરાવ્યું હતું. આ પછી તેમને હવાઈ માર્ગે પ્લેનમાં પરત અમદાવાદ લઈને આવ્યો હતો. પોતાના દોહિત્રએ પુરી કરેલી ખ્વાઈશના પગલે નાના-નાનીના ચહેરા ખુશીથી ખિલી ઉઠયા હતા અને તેમણે ચિરાગને અઢળક આશીર્વાદ આપ્યા હતા.

# મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● વોર
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
● છીછોરે
૭.૪૦
● ડ્રીમગર્લ
૨.૧૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
● જોકર (અંગ્રેજી)
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
● જીમીની મેન
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● વોર
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
● જીમીની મેન
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી)
૧૨.૧૦, ૫.૨૦
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
● બીજો દિવસ
૫.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● વોર
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● જીમીની મેન
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

# ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં વાહનચોરીના બનાવમાં વધારો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના બનાવો બને છે, પરંતુ શહેર નજીક ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે. વાહનચોર ટોળકી હવે ગ્રામ્ય વિસ્તાર પર નજર દોડાવી હોય તેમ લાગી રહ્યું છે. ગણતરીની મિનીટોમાં વાહનચોરી કરી ટોળકી પલાયન થઈ જાય છે. જેને પગલે ગ્રામ્ય વિસ્તારના નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે સરઢવ ખાતે ગરબા જોવા માટે આવેલા અમદાવાદના પરિવારની અલ્ટો કારની ચોરી થવા પામી છે. તો બીજીતરફ ચિલોડા નજીક મોટી શિહોલી સાદરા માર્ગ પર આવેલા સૈનિક ફાર્મ પાસેથી ડ્રીમ યુગા બાઈકની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. બનાવને પગલે પેથાપુર અને ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા વિસ્તારમાં બળીયાદેવ મંદિર પાસે મધુરમ એકઝોટીકા ખાતે રહેતા જયસુખભાઈ રસિકભાઈ માંડવીયા પોતાની અલ્ટો કાર નં. જી.જે.૦૨.આર.-૬૪૮૩ લઈને ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે ગત તા.૩ ના રોજ નવરાત્રીના ગરબા જોવા માટે પરિવાર સાથે ગયા હતા. રાત્રીના દશ વાગ્યાના અરસામાં ગાડી ગામમાં પાર્ક કરીને ગરબા જોવા માટે ગયા હતા અને રાત્રીના સાડાબાર વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. ત્યારે જોયું તો ગાડી જે સ્થળે મુકી હતી તે સ્થળ પર ગાડી ન હતી જેથી ગાડીની ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કર્યા બાદ પણ કાર નહી મળી આવતા આખરે તેઓએ પેથાપુર પોલીસ મથકમાં અલ્ટો કાર ચોરીની ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં ચિલોડા પાસે મોટી શિહોલી સાદરા માર્ગ પર આવેલા સૈનિક ફાર્મ હાઉસ ખાતે રહેતા ટેકમનરામ ખુબલરામ કનોજી રહે છે. ખેતીનું કામગીરી કરે છે. ગત તા. ૧૧ ના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં કામ પૂર્ણ કરીને બાઈક જી.જે.૦૧.ઈ.વી.-૮૦૨૭ પાર્ક કરીને સુઈ ગયા હતા.જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયું તો બાઈક ગુમ હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી પરંતુ મળી ન આવતા આખરે ચિલોડા પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૫ હજારની કિંમતના બાઈકનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચિરવિદાય

● સ્વ. વિજયભાઈ ધુરાભાઈ દંતાણી, ઉ.વ. ૪૦
● સ્વ. વાઘેલા મનુભા દલપતસિંહ, ઉ.વ. ૮૦
● સ્વ. શકરીબેન ચેલાજી ઠાકોર, ઉ.વ. ૮૦
● સ્વ. જનકરાય ચીમનલાલ આચાર્ય, ઉ.વ. ૭૯
● સ્વ. મનુભાઈ મનગલાલ પાઠક, ઉ.વ. ૬૭

# ગ્રીન રાત્રીમાં 'સે નો ટુ સિંગલ યુઝ પ્લાસ્ટિક'નો સંદેશ અપાયો

## આરજે રૂહાન આલમની ઉપસ્થિતિમાં ખેલૈયાએ રાસ-ગરબાની ધૂમ મચાવી





ગાંધીનગર, તા.૧૪

શરદપૂર્ણિમાના તહેવારને અનુલક્ષીને શહેરના કુડાસણ વિસ્તારના નાગરાજ ફાર્મ ખાતે શનિવારની સાંજે ડીજેના તાલે 'એક નંબર કલ્ચરલ ગૃપ' દ્વારા રાધે રાધે ગૃપ અને વાવો રિવોલ્યુશનના સહયોગથી 'લાઈન ગ્રાન્ડ દાંડિયા એન્ડ ગરબા નાઈટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ તેમજ શિવગન ઈન્ફ્રાટેક ધોલેરાના ચેરમેન ગણપત મંડાએ ઉપસ્થિત રહી આરતી ઉતારી હતી. આ કાર્યક્રમમાં લોકપ્રિય વેબ સિરીઝ 'બસ ચા સુધી'ના અભિનેતા આર.જે. રૂહાન આલમ ઉપસ્થિત રહ્યા હતા.

'ગ્રીન રાત્રી' તરીકે જાણીતી બનેલી ઈવેન્ટમાં કડી સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક વેસ્ટને રિસાયકલ કરીને બનાવાયેલ ટી શર્ટ, કેપ, નોટબુક, ડાયરી, પેન-પેન્સિલ, પુસ્તકો, થેલીઓ જેવી અસંખ્ય ચીજવસ્તુઓ ઉપરાંત મંદિરના નકામા ફુલોમાંથી બનાવાયેલ અગરબત્તી, ખાતર જેવી અઢળક રીસાયકલ્ડ ચીજવસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેએસવીના સર્વ નેતૃત્વ ગૃપના માર્ગદર્શક પ્રો. ધર્મેન્દ્ર પટેલ અને પૂર્વ સ્વયંસેવકો તન્મય પટેલ, રાહુલ સુખડિયા સહિત અન્ય સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગરબી રમવા આવનાર ખેલૈયાઓ દ્વારા જુના વસ્ત્રોનું દાન પણ એકત્ર કરાયું હતું. જેની કાપડની થેલીઓ બનાવી વિતરણ કરાશે. આ ગરબા નાઈટમાં ટીસીએસના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં રાસ ગરબાના રસિકોએ પરંપરાગત વસ્ત્રોમાં સજજ થઈ ધૂમ મચાવી હતી.